Marengo CIMS Hospital

HUMANE BY PRACTICE

# CIMS NEWS CARE & CURE

Price : ₹ 5/-

Volume-16 | Issue-176| March 25, 2025



CIMS NEWS CARE & CURE

Volume-16 | Issue-176 | March 25, 2025

Marengo CIMS Hospital
HUMANE BY PRACTICE

# રૂંધાયેલી નળીઓનો ઈલાજ : ઓપરેશન



**ડૉ. કેયુર પરીખ**

**MD (USA), FCSI (India)**
**FACC (USA), FSCAI (USA)**
**Interventional Cardiologist**
**+91 98250 26999**
**keyur.parikh@cims.me**

અગાઉ કહ્યું તે પ્રમાણે, હસ્તક્ષેપી હૃદયરોગ નિષ્ણાતોને (Interventional Cardiologists) આપણે વિનોદી ભાષામાં "પ્લમ્બર અને ઇલેક્ટ્રિશિયન" કહીએ છીએ. તે જ રીતે હૃદયના સર્જનને હૃદયનો "સુથાર" (Carpenter) કહી શકાય કારણ કે તે બીમાર હૃદયનું સમારકામ કરે છે. બાયપાસ ઑપરેશન'એ પ્રચલિત શબ્દ છે અને કૉરોનરી આર્ટરી બાયપાસ ગ્રાફ્ટ (સી.એ.બી.જી.) માટેનું સંક્ષિપ્ત રૂપ છે. હૃદયની ધમનીના રોગ (સી.એ.ડી)ની સારવાર માટે જરૂર પડે ત્યારે આ શસ્ત્રક્રિયા કરવી જ જોઈએ. આ શસ્ત્રક્રિયા કરવાથી હૃદયમાં લોહીનો પ્રવાહ સુધરે છે, છાતીમાં દુખાવો અને ગભરામણ દૂર થાય છે, થાક ઓછો થાય છે, દવાઓની જરૂરિયાત ઘટે છે, શારીરિક પ્રવૃત્તિ માટેની કાર્યક્ષમતા વધે છે અને તંદુરસ્તીની અનુભૂતિ પાછી આવે છે. સી.એ.બી.જી. શસ્ત્રક્રિયા કરવામાં ન આવે તો હૃદયની ધમનીઓમાં સરજાયેલ અવરોધ જીવલેણ નીવડી શકે છે.

### અવરોધોને ટાળવા માટે ઉપમાર્ગ

(બાયપાસ)

સદ્નસીબે, ક્યારેક સળંગ આખી ધમની રૂંધાયેલી હોતી નથી. તેના કોઈ એક ભાગમાં જ અવરોધ હોય છે. અવરોધથી આગળની નળી મોટા ભાગે ખુલ્લી જ હોય છે. અવરોધ જ્યારે ગૂંચવણભર્યા હોય અને એક કરતાં વધુ ધમનીમાં ફેલાયેલા હોય, ત્યારે હૃદયરોગ નિષ્ણાત બાયપાસ કરવાની સલાહ આપશે. આ શસ્ત્રક્રિયામાં અવરોધની આગળ લોહી લઈ જવા માટે નવો માર્ગ બનાવવામાં
આવે છે.

### સી.એ.બી.જી. એ શું છે ?


કૉરોનરી આર્ટરી બાયપાસ ગ્રાફ્ટ (સી.એ.બી.જી.) એ એક મોટી શસ્ત્રક્રિયા છે, જેમાં આપણા શરીરના બીજા કોઈ ભાગમાંથી ધમની અને/અથવા નસો લેવામાં આવે છે (જેને "ગ્રાફ્ટ" કહેવામાં આવે છે), જેની મદદથી હૃદયના સ્નાયુને જરૂરી લોહીનો પુરવઠો પહોંચાડી શકાય. હૃદયની સપાટી ઉપર આ રક્તવાહિનીઓને હૃદયની ધમનીના અવરોધ પછીના ભાગ સાથે જોડી દેવામાં આવે છે. આ રીતે લોહી આ નવા માર્ગમાં વહેવા લાગે છે. આ શસ્ત્રક્રિયામાં વપરાતી ધમની અથવા નસ હાથ, પગ અથવા છાતીમાંથી પણ લઈ શકાય છે. આવી નસો શરીરમાંથી કાઢી નાંખવાથી કોઈ નુકસાન થતું નથી. બાયપાસ સર્જરીમાં સામાન્ય રીતે પગની 'સેફીનસ નસ, હાથની રેડિયલ' ધમની અથવા તો છાતીમાંથી ડાબી અથવા જમણી ઇન્ટરનલ મેમરી'ધમની લેવામાં આવે છે. કુદરતની કરામત તો જુઓ: બાયપાસ માટે જે નળીઓ શરીરમાંથી કાપી કાઢીને - વાપરવામાં આવે છે એમની મૂળ જગ્યાઓને - કોઈ જ નુકસાન થતું નથી. રેડિયલ' ધમની -હૃદયરોગના દર્દીમાં બાયપાસ રક્તવાહિની - તરીકે વાપરવામાં આવી શકે તેમ હોવાથી, વિશ્વભરમાં તેને એન્જિયોગ્રાફી માટે ઓછી પસંદ કરવામાં આવે છે.

### પંપ ઉપર બાયપાસ

બાયપાસ ઑપરેશન 'હાર્ટ-લંગ' મશીન - (હૃદય અને ફેફસાંની જેમ કામ કરતું મશીન) વાપરીને કરવામાં આવે છે. એના કારણે - શસ્ત્રક્રિયા દરમિયાન હૃદયના ધબકારા બંધ - કરવાનું શક્ય બને છે. આને 'પંપ ઉપર બાયપાસ' કહેવામાં આવે છે, કારણ કે જ્યારે હૃદય બંધ હોય છે ત્યારે આ 'હાર્ટ-લંગ' મશીન હૃદયના બદલે આપણા શરીરમાં લોહી પંપ કરે છે. જ્યારે હૃદયને આ રીતે બંધ કરી દેવાયું- હોય, ત્યારે સર્જનો "ગ્રાફ્ટ"ને હૃદયની ધમનીઓ સાથે એકદમ ચોકસાઈપૂર્વક જોડી દે.

### પંપ વગર બાયપાસ

આ સૌથી અદ્યતન પદ્ધતિ છે, જેમાં 'હાર્ટ-લંગ' મશીનનો ઉપયોગ કરવામાં આવતો - નથી. આમાં ધબકતા હૃદયે ઑપરેશન કરવામાં - આવે છે. તેથી 'હાર્ટ-લંગ' મશીનના ગેરફાયદા ટાળી શકાય છે તથા બાયપાસ ઝડપી અને સુરક્ષિત બને છે. પંપ ઉપર બાયપાસની સરખામણીમાં અહીં દર્દી વધારે ઝડપથી સાજો થાય છે અને થોડુંક જ લોહી આપવાની જરૂર પડે છે. મોટા ભાગના કિસ્સાઓમાં પંપ વગર બાયપાસ' કરવાની સલાહ આપી શકાય.




**બાયપાસ ઓપરેશનના જુદાજુદા પ્રકાર:**
**ગ્રાફ્ટ (ધમનીઓ) ખાસ જગ્યાઓ પર જોડવામાં આવે છે**



JCI (USA) NABL ACC


# CIMS NEWS CARE & CURE

Volume-16 | Issue-176 | March 25, 2025

Marengo CIMS Hospital
HUMANE BY PRACTICE


**ઑક્ટોપસ**

ઑક્ટોપસ એ સર્જનો દ્વારા વાપરવામાં આવતું એક એવું સાધન છે, જે ગ્રાફ્ટ' જોડતી વખતે હૃદયના કોઈ નાના ભાગને સ્થિર રાખે છે. તેમાં ચૂસકનળીઓ (સકર્સ) હોય છે, જે ઑક્ટોપસની જેમ હૃદયની સાથે ચોંટી જાય છે અને હૃદયને નુકસાન નથી થતું. આ પ્રકારની શસ્ત્રક્રિયા દરમિયાન હૃદય ધબકતું હોય છે, તેથી 'પંપ વગર બાયપાસ' શસ્ત્રક્રિયાને 'ધબકતા હૃદયની



ઑક્ટોપર : ધબકતા હૃદયના અમુક ભાગને સ્થિર રાખી ઓપરેશન કરવામાં આવે છે

બાયપાસ સર્જરી' (Beating Heart Surgery) આવે છે.

**હૃદયની શસ્ત્રક્રિયા પછી**

હૃદયની સર્જરી પછી સાજા થતાં થોડો સમય લાગે છે. થોડો દુખાવો અને ઉધરસ થઈ શકે, પણ આ શસ્ત્રક્રિયાથી થતા મોટા ફાયદાને ધ્યાનમાં લેતાં આ તકલીફોને નજીવી કહી શકાય. આપણે જોયું કે બાયપાસ શસ્ત્રક્રિયા શા માટે કરવી પડે છે.



બાયપાસ પછી આઈ.સી.યુ.માં રહેવું પડે

હવે આપણે જોઈશું કે આ પ્રકારની અતિવિશિષ્ટ શસ્ત્રક્રિયા કર્યા પછી શું થાય છે.

**બાયપાસ પછીના વિશિષ્ટ સુધારાઓ**

બાયપાસ કરાવ્યા પછી દર્દી ઍન્જાયના અને શ્વાસોચ્છવાસની તકલીફમાંથી મુક્ત થઈ જાય છે. અને રોજબરોજનાં કાર્યો, ચાલવું, દોડવું, સાઇકલ ચલાવવી, તરવું વગેરે જેવી શારીરિક ક્રિયાઓ



૨-૩ દિવસમાં દર્દી બેસીને વાતો કરે

કરવા માટે વધુ સારી ક્ષમતા મેળવી શકે છે.

સફળ બાયપાસ શસ્ત્રક્રિયા પછી થતા આ વિશિષ્ટ સુધારાઓ એટલા રોમાંચક હોય છે કે આ પ્રકારની શસ્ત્રક્રિયાઓ આધુનિક શસ્ત્ર-ક્રિયાના ઇતિહાસમાં સૌથી મોટી સફળતાઓમાં ગણાય છે.

**કરવું કે ન કરવું**

હૃદય પરની શસ્ત્રક્રિયાને હજુ પણ ભયાનક, જોખમી અને બિહામણી ગણવામાં આવે છે, પણ ખરેખર તેવું નથી. વાસ્તવમાં તે એક સુરક્ષિત ઉપક્રમ (procedure) છે. બહુ જ ઓછા લોકો જાણતા હશે કે સામાન્ય રીતે બાયપાસ શસ્ત્રક્રિયામાં - ૧થી ૨ ટકાનું જ જોખમ છે, જે બીજી કોઈ પણ - સામાન્ય શસ્ત્રક્રિયા જેટલું જ અથવા તેથી ઓછું છે.

આથી, હૃદયની ધમનીના રોગના જોખમ સાથે જીવવા કરતાં બાયપાસ કરાવવી વધારે લાભદાયી છે, કારણ કે શસ્ત્રક્રિયા સફળ રહે તેની શક્યતા - ૯૮-૯૯ ટકા છે. વધારે અગત્યનું એ છે કે શસ્ત્રક્રિયા કર્યા પછીના ફાયદાઓ હૃદયરોગના હુમલાના સતત જોખમની સરખામણીમાં ઘણા વધારે છે.

એવું જીવન તો તમારા માથે લટકતી તલવાર સાથે જીવવા બરાબર છે. બાયપાસથી અચાનક હૃદયરોગનો હુમલો થવાની એ સતત માથે લટકતી - તલવાર દૂર થાય છે.

**ફાયદાઓ : કેટલા જલદી ?**

બાયપાસના ફાયદાઓ જે ક્ષણે ગ્રાફ જોડવામાં આવે છે અને હૃદયને વધારે લોહી મળવાનું ચાલુ - થાય છે એ જ પળથી ચાલુ થઈ જાય છે. વધારે સારો લોહીનો પ્રવાહ મળવાથી હૃદય વધારે જોશથી - કામ કરે છે અને પરિણામે હૃદયરોગના હુમલાનું - જોખમ પણ ઘણા અંશે ઓછું થઈ જાય છે. હૃદયના - વાલ્વના દર્દીઓને પણ શસ્ત્રક્રિયા પછી ટૂંક સમયમાં - ફાયદાઓનો અનુભવ થવા લાગે છે.

હવે આપણે જોઈશું હૃદયના સર્જન તેમના દર્દીઓના હૃદયને નવું જીવન આપે તે પછી તેમના : સાજા થવાના તબક્કા :

**દિવસ-૧**

મોટા ભાગના દર્દીઓ શસ્ત્રક્રિયા પછીના ૨-૩ કલાકમાં ભાનમાં આવી જાય છે. સામાન્ય રીતે દુખાવો ઓછો અને સહ્ય હોય છે. દર્દી પોતાની મેળે આરામથી શ્વાસ લઈ શકે છે. આમ છતાંય દર્દી' સાથે ઘણી નળીઓ અને લાઇન્સ જોડાયેલી હોય છે, : તેથી વધુ હલચલ થઈ નથી શકતી અને કરવા દેવામાં પણ નથી આવતી.

**દિવસ-૨**

આ સમય સુધીમાં મોટા ભાગના દર્દીઓ - પોતાની આસપાસના વાતાવરણ બાબતે પૂરી રીતે : સભાન થઈ ચૂક્યા હોય છે અને પથારીમાં બેસી શકે છે. સવારે તેમને પ્રવાહી પિવડાવવામાં આવે છે. સાંજ સુધીમાં તેમને કંઈક ખોરાક લેવા પ્રોત્સાહન આપવામાં આવે છે. મોટા ભાગના દર્દીઓ સમય - પસાર કરવા ટી.વી. જુએ છે, છાપાં વાંચે છે અથવા - તો ધીમું સંગીત સાંભળે છે.

**દિવસ-3**

આ સમય સુધીમાં દર્દીનું લોહીનું દબાણ, - ધબકારાની ગતિ અને શ્વાસોચ્છવાસ સામાન્ય થઈ - જાય છે. છાતીમાં નાંખેલી અનેક નળીઓમાંથી પ્રવાહી આવતું સાવ ઓછું થઈ ગયું હોય છે અને તે

- નળીઓને કાઢી નાંખવામાં આવે છે.

તે નળીઓ કાઢ્યા પછી દર્દી પોતાના સાજા થતા હૃદય સાથેની પહેલી સહેલ માણે છે. જો દર્દીની તબિયત સારી હોય, તો કોઈનો ટેકો લઈને તેને બાથરૂમ-સંડાસ સુધી પણ જવા દેવામાં આવે છે.

**દિવસ-૪થી રજા મળે ત્યાં સુધી**

દર્દીને આઈ.સી.યુ. (ઇન્ટેન્સિવ કેર યુનિટ)માંથી સાદા રૂમમાં મૂકવામાં આવે છે. હવે દર્દી એટલો સ્વસ્થ હોય છે કે તે પોતાની મેળે હલી શકે, થોડું ચાલી શકે, સંડાસ સુધી જઈ શકે અને જમવા માટે બેસી શકે.

ખાંસી અને દુખાવો, એ બે જ વસ્તુ દર્દીને બીજા ૩-૪ દિવસ સુધી પરેશાન કરે છે. દર્દીને રજા આપવામાં આવે ત્યાં સુધીમાં તે સારી રીતે ચાલી શકે છે અને ૩-૪ પગથિયાં પણ ચડી શકે છે. મોટા ભાગના દર્દીઓને બાયપાસ શસ્ત્રક્રિયા કર્યા પછી ૫-૭ દિવસમાં રજા આપી દેવામાં આવે છે.

**રજા મળ્યા પછી**

ઘરે ગયા પછી ધીમે ધીમે દર્દીઓ તેમને એન્જાયનાથી મળેલા છુટકારાનો અનુભવ કરે છે.



બાયપાસ પછી ધીમે ધીમે કામની શરૂઆત

તેઓને કદાચ થોડીઘણી અશક્તિ લાગતી હોય તો પણ બધી રીતે જોતાં એકંદરે તેઓ ચોક્કસ વધારે સ્વસ્થતા અનુભવે છે.

આવનારા દિવસો, અઠવાડિયાં અને મહિનાઓમાં દુખાવો ધીમે ધીમે ઓછો થાય છે અને ખાંસી બંધ થઈ જાય છે. છાતી, હાથ અને પગ ઉપરના શસ્ત્રક્રિયાના ઘા શસ્ત્રક્રિયા પછીના ત્રણથી ચાર અઠવાડિયાંમાં રૂઝાવા લાગે છે.

**શંકાઓ**

ઘણા દર્દીઓને વિચાર આવે છે કે શું તેઓ શસ્ત્રક્રિયા પહેલાં હતા તેવા સ્વસ્થ થઈ શકશે અને શું તેઓ પહેલાંની જેમ પોતાનાં ધંધાદારી કાર્યો ફરી કરી શકશે કે કેમ! સ્વાભાવિક રીતે જ આનો જવાબ છે: હા. હકીકતમાં મોટાભાગના દર્દીઓ એ બધાં કાર્યો તેમની શસ્ત્રક્રિયા પહેલાં કરી શકતા તેના કરતાં વધુ સારી રીતે કરી શકે છે. એટલા માટે જ તો તેમના પર બાયપાસ કરવામાં આવ્યું હતું!

**દૂધનો દાઝેલો છાશ પણ ફૂંકીને પીવે!**

એ કહેવાની જરૂર નથી કે બાયપાસ કરાવ્યા પછી વ્યક્તિએ વધારે ચેતીને રહેવું જોઈએ. હૃદયમાં જલદી રૂઝ આવે અને ભવિષ્યમાં કોઈ હૃદયરોગ ન થાય તેના માટે જીવનશૈલીમાં ફેરફાર કરવા ખૂબ જ જરૂરી છે. બાયપાસના બધા જ દર્દીઓએ એ વાત યાદ રાખવી જોઈએ કે જો તેઓ તેમની નવી બાયપાસ કરેલી ધમનીઓને ખુલ્લી રાખવા પ્રયત્ન નહીં કરે, તો થોડાં વર્ષો પછી આ નવી ધમનીઓ પણ રૂંધાઈ જશે.

**માણસ કેટલો સાજો થઈ શકે?**

આનો આધાર શસ્ત્રક્રિયા વખતે તેના હૃદયની અને રક્તવાહિનીઓની સ્થિતિ કેવી હતી તેના પર રાખે છે. મોટા ભાગના દર્દીઓ દિવસના ૪૫ મિનિટથી એક કલાક સુધી ચાલવા જેવી હળવી કસરત કરી શકે છે, અને હકીકતમાં કરવી પણ જોઈએ. તરવા જેવી હળવી કસરતો પણ માણી શકાય. જાતીય સંબંધો બાયપાસ ઑપરેશન કર્યાના ત્રણથી ચાર અઠવાડિયાં પછી યથાવત માણી શકાય.

**વ્યવસાય અથવા કામકાજ ક્યારે શરૂ કરી શકાય?**

શસ્ત્રક્રિયા કર્યાના એક અઠવાડિયા પછી કામ કરવામાં કોઈ બંધન નથી હોતું. તેમ છતાં વ્યક્તિએ તેના કામ કરવાના કલાકોને નિયમિત બનાવવા. જોઈએ.

**ખોરાક, આદતો અને વજન**

બાયપાસ કરાવેલા દર્દીનો ખોરાક પૌષ્ટિક હોવો જોઈએ. ખોરાક બાબતમાં સલાહ લઈ તેનું પાલન કરવું જરૂરી છે. ચરબી અને કૉલેસ્ટેરોલ વધારે હોય તેવો ખોરાક ના ખાવો જોઈએ. તેમ કરવા માટેનો શ્રેષ્ઠ રસ્તો એ છે કે ખોરાકમાં ઘણાં શાકભાજી, ફળ અને ફળના રસ આપવામાં આવે.

ઘણા લોકોની ખોટી માન્યતા હોય છે કે શસ્ત્રક્રિયા પછી શરાબનું સેવન કરવાથી મદદ મળે છે, સંશોધનમાં પણ એવું સાબિત થયું નથી. બાયપાસ કરાવ્યું હોય તેવા બધા જ દર્દીઓએ તેમનું વજન નિયંત્રણમાં રાખવું જોઈએ.

**તબીબી સલાહ**

શસ્ત્રક્રિયા પછીના પહેલા અને ત્રીજા મહિનામાં તબીબી તપાસ માટે જવાની સલાહ આપવામાં આવે છે, સ્ટ્રેસ ટેસ્ટ (ટી.એમ.ટી.) અને ઇકો તપાસ કરવામાં આવે છે. તે પછીથી, વર્ષમાં એક વખત 'લિપીડ પ્રોફાઇલ' (કોલેસ્ટેરોલ વગેરે) ટી.એમ.ટી. અને ઇકો કરાવવા જોઈએ.

**જીવનભરની દવાઓ**

ઍસ્પિરિન જેવી અમુક દવાઓ શસ્ત્રક્રિયા પછી જીવનભર લેવી પડે છે. ઍસ્પિરિનના કારણે દર્દીને કોઈક વાર પેટમાં બળતરા થતી હોય, તો પણ તે સંભાળીને લેવી જ જોઈએ. આ સંજોગોમાં પેટની એસિડિટીની દવા પણ સાથે લેવી પડતી હોય છે. બની શકે તો જમ્યા પછી ઍસ્પિરિન લેવાથી તેનાથી થતી બળતરા ટાળી શકાય છે. "સ્ટેટિન્સ" એ કૉલેસ્ટેરોલ ઘટાડવા માટેની ખાસ દવાઓ કોઈ ફિઝિશિયન અથવા હૃદયરોગ નિષ્ણાતની દેખરેખ હેઠળ લેવી જોઈએ.

**ડાયાબિટીસ અને હાઈ બ્લડપ્રેશર**

આપણા આ જૂના, "ચુપચાપ" મારનારા રોગોને જીવનભર કાબૂમાં રાખવા જોઈએ! એ યાદ રાખો કે ડાયાબિટીસ અને હાઈ બ્લડપ્રેશર (લોહીનું ઊંચું દબાણ) બાયપાસથી મટતા નથી.

ટૂંકમાં, હૃદયની મોટી શસ્ત્રક્રિયા પછી યોગ્ય સંભાળ એ જ સૌથી અગત્યની બાબત છે.



નવી જિંદગીની કસરતથી શરૂઆત

CIMS NEWS CARE & CURE
Volume-16 | Issue-176 | March 25, 2025

Marengo CIMS Hospital
HUMANE BY PRACTICE

# ડાયાબિટિસના ઉપચારમાં ઈન્સ્યુલીન થેરાપી



**ડૉ. વિવેક પટેલ**
MD (Medicine), DM (Endocrinology)
Consultant Endocrinologist
(Adult & Paediatric)
+91 99841 12928
vivek.patel@marengoasia.com

## શરીરમાં ઈન્સ્યુલીનનું મહત્વ શું છે ?

ઈન્સ્યુલીન એ એક એવો હોર્મોન છે જેને તમારા શરીરમાં સ્વાદુપિંડ દ્વારા ઉત્પન્ન કરવામાં આવે છે. તે તમારા રક્તમાં ખાંડના સ્તરની જાળવણીમાં મદદ કરે છે. ઈન્સ્યુલીનને મોટાભાગે એક એવી ચાવી તરીકે વર્ણવવામાં આવે છે, જે કોર્ષને ખોલે છે જેથી એ કોર્ષમાં શર્કરા પ્રવેશ કરી શકે અને તેનો ઊર્જા મેળવવા માટે ઉપયોગ થઈ શકે. જો તમારું શરીર પૂરતાં પ્રમાણમાં ઈન્સ્યુલીનનું ઉત્પાદન કરે નહીં અથવા જો ઈન્સ્યુલીન અસરકારક રીતે કાર્ય કરે નહીં, તો તેના પરિણામે એક એવી સ્થિતિ ઉત્પન્ન થાય છે જેને ડાયાબિટીસ તરીકે ઓળખવામાં આવે છે.

## શું ડાયાબિટિસના દરેક દર્દીને ઈન્સ્યુલીનની જરૂર રહે છે ?

પ્રકાર-૧ના ડાયાબીટીસના દર્દીઓ માટે, કે જેમનામાં ઈન્સ્યુલીનની તદ્દન ઉણપ છે, તેઓ માટે ઈન્સ્યુલીન એકમાત્ર સારવાર છે. પ્રકાર-૨ ના દર્દીઓને હંમેશા ઈન્સ્યુલીનની જરૂર રહેતી નથી અને અન્ય દવાઓની સાથે ઉપચાર કરી શકાય છે. જો કે, એવી કેટલીક પરિસ્થિતિઓ છે કે જેમાં પ્રકાર-૨ ડાયાબીટીસના દર્દીઓ માટે ઈન્સ્યુલીનને અગ્રતા આપવામાં આવે છે, જેમ કે, હોસ્પિટલમાં દાખલ કરેલ દર્દીઓ, મોટી શસ્ત્રક્રિયામાંથી પસાર થનારા, કિડનીની કાર્યક્ષમતામાં ઘટાડો, જ્યારે ઈન્સ્યુલીનનું ઉત્પાદન કરનારા કોષોની કાર્યક્ષમતા ઓછી થઈ ગયેલી હોવાથી દવાઓની અસર ન થતી હોય.

## ડાયાબિટીસની સારવાર માટે કયા પ્રકારના ઈન્સ્યુલીન ઉપલબ્ધ છે ?

ઘણાં વિવિધ પ્રકારના ઈન્સ્યુલીન ઉપલબ્ધ છે. તેઓ કેટલી ઝડપથી અને કેટલાં સમય સુધી અસર કરી શકે છે તેના આધારે તેમનું વર્ગીકરણ કરવામાં આવે છે. ટૂંકી - ક્રિયા કરનાર ઈન્સ્યુલીન ઝડપથી કાર્ય કરે છે અને તે ભોજન બાદ રક્ત શર્કરાને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. મધ્યમસરના અને લાંબી - ક્રિયા કરનારા ઈન્સ્યુલીન કાર્ય કરવામાં લાંબો સમય લે છે અને તેની અસર લાંબા સમય સુધી રહે છે. મિશ્વિત ઈન્સ્યુલીન ઉત્પાદો એક ટૂંકી - ક્રિયા કરનાર અને એક મધ્યમસરના અથવા લાંબી - ક્રિયા કરનાર એમ બન્ને પ્રકારના ઈન્સ્યુલીન વિવિધ પ્રમાણમાં ધરાવતાં હોય છે ઈન્સ્યુલીન વિવિધ ક્ષમતાઓમાં ઉપલબ્ધ છે જેમ કે ૧ મિલી. પ્રવાહી માં ૪૦ IU ૧૦૦ IU અથવા ૨૦૦ IU. ઈન્સ્યુલીનના, ઈન્જેકશન માટે વિવિધ વિકલ્પો ઉપલબ્ધ છે સિરિંજ, પેન ડિવાઈસ અને ઈન્સ્યુલીન પંપ

## ઈન્સ્યુલીન કઈ રીતે લેવું જોઈએ ?

ઈન્સ્યુલીનને સિરિંજ અથવા પેન ડિવાઈસથી ત્વચાના ચરબીના સ્તરમાં આપવામાં આવે છે. સામાન્ય રીતે ઈન્સ્યુલીન પેટ, સાથળ, નિતંબો અને ખભાના ભાગમાં આપવામાં આવે છે. ઈન્સ્યુલીનનું ઈન્જેકશન આપતાં પહેલાં તમારા હાથ ધુઓ અને ઈન્સ્યુલીનના પુરવઠાને એકત્રિત કરો. તમારી હથેળી વચ્ચે હળવેથી એ બોટલ અથવા પેનને ધુમાવો જેથી પહેલેથી મિશ્રિત અથવા મધ્યમસરના ઈન્સ્યુલીનને મિશ્ર કરી શકાય. સામાન્ય રીતે ઈન્સ્યુલીનનું ઈન્જેકશન આપતાં પહેલાં ત્વચાને આલ્કોહોલ વડે સાફ કરવી જરૂરી નથી. ઈન્સ્યુલીનને સિરિંજમાં ખેંચી લીધા બાદ ત્વચાના એક ભાગ પર ચરબી સાથે આવે એ રીતે ચીંટીયો ભરો અને ૯૦ ડિગ્રીના કોણ પર સિરિંજનૂ સોયને ધકેલો. તમે ઈન્સ્યુલીન ઈન્જેકટ કરો એ પહેલાં ચીંટીયો છોડી દો. જો સિરિંજનો ઉપયોગ કરતાં હોવ તો એ સોયને ૫ સેકન્ડ સોયને બહાર કાઢો. કોઈપણ જાતની ઈજાને ટાળવા માટે ઉપયોગ કરી લીધાં બાદ એ સિરિંજ અથવા સોયનો સુરક્ષિત નિકાલ કરો.

## ઈન્સ્યુલીન ઉપચાર પર હોય ત્યારે વ્યક્તિએ કઈ સાવચેતીઓ રાખવી જોઈએ ?

- ઈન્સ્યુલીની ક્ષમતાની સાથે સુમેળ થાય એ રીતે સિરિંજનો યોગ્ય કદનો ઉપયોગ કરો જેથી ડોઝ આપવામાં ભૂલ ન થાય.
- એક સિરિંજ અથવા સોયનો ફરીથી ઉપયોગ કરશો નહી.
- ઈન્સ્યુલીન ઈન્જેકશનના સ્થાનને બદલતા રહો. એક જ જગ્યા પર ઘણીવાર ઈન્જેકશન આપવાથી ત્વચાની સમસ્યા થઈ શકે છે અને ઈન્સ્યુલીનના શોષણમાં ખોટ ઊભી થઈ શકે છે.
- ઉપયોગ થઈ ગયેલ સિરિંજને સિલ થઈ શકે અને કાણું ન પડે તેવા પાત્રમાં નિકાલ કરો અથવા તમારા વિસ્તારમાં તેના નિકાલ માટેના સ્થાનની તપાસ કરો
- તમારે તમારા શર્કરા ઘટવાના લક્ષણો વિશે અને આવી સ્થિતિમાં તાત્કાલિક ધોરણે લેવાના પગલાં વિશે જાગૃત રહેવું જરૂરી છે.

CIMS NEWS CARE & CURE
Volume-16 | Issue-176 | March 25, 2025

Marengo CIMS Hospital
HUMANE BY PRACTICE



# મૈરિંગો સિમ્સ હોસ્પિટલ, અમદાવાદમાં
# કેશલેસ સેવાઓ
## હવે ઉપલબ્ધ

જોઈન્ટ કમિશન ઈન્ટરનેશનલ માન્યતા પ્રાપ્ત
અમદાવાદ શહેરની એક માત્ર મલ્ટી-સ્પેશ્યાલીટી હોસ્પિટલ

## કેશલેસ ઈન્સ્યોરન્સ I થર્ડ પાર્ટી એડમિનિસ્ટ્રેટર (TPA) I પબ્લિક સેક્ટર અંડરટેકીંગ (PSU)

### ઇન્શ્યોરન્સ કંપનીઓ

- ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ
- નેશનલ ઇન્શ્યોરન્સ
- યુનાઈટેડ ઈન્ડિયા ઇન્શ્યોરન્સ
- ઓરિયેન્ટલ ઇન્શ્યોરન્સ

### ટી.પી.એ. (TPA)

- અલંકિત હેલ્થ કેર
- અનમોલ મેડીકેર
- અન્યુતા હેલ્થકેર
- ઈસ્ટ વેસ્ટ આસિસ્ટ
- એરિક્સન હેલ્થકેર
- ફેમિલી હેલ્થ પ્લાન
- ફોકસ હેલ્થસર્વિસ
- જેનિસ ઈન્ડિયા
- ગુડ હેલ્થ પ્લાન
- ગ્રાન્ડ હેલ્થકેર સર્વિસ
- હેપ્પી ઈન્સ્યોરન્સ
- હેલ્થ ઈન્ડિયા
- હેલ્થ ઈન્સ્યોરન્સ
- હેરિટેઝ હેલ્થ
- એમડી ઈન્ડિયા હેલ્થકેર
- મેડ સેવ હેલ્થ કેર
- મેડી આસિસ્ટ ઈન્ડિયા
- મેડએડવાન્ટેજ ઈન્સ્યોરન્સ
- પાર્ક મેડીકલેમ
- પેરામાઉન્ડ હેલ્થ સર્વિસ
- રક્ષા હેલ્થ ઈન્સ્યોરન્સ
- રોથશિલ્ડ હેલ્થકેર
- સેફવે હેલ્થકેર
- સ્પૂર્થી મેડિટેક
- શ્રી ગોકુલમ હેલ્થ સર્વિસીસ
- વિડાલ હેલ્થ
- વિપુલ મેડ કોર્પ

### પ્રાઈવેટ ઈન્સ્યોરન્સ

- આદિત્ય બિરલા હેલ્થ
- બજાજ આલિયાન્ઝ
- ચોલા MS
- મનિપાલ સિગ્ના
- ડીએચએફએલ
- એડલ વાઇસ
- ગો ડિજીટ
- એચડીએફસી અર્ગો
- ICICI લોમ્બાર્ડ
- ઇફ્કો ટોકિયો
- ઇન્ડિયા ફર્સ્ટ લાઇફ ઇન્શ્યોરન્સ
- લિબર્ટી જનરલ ઇન્શ્યોરન્સ
- મેગ્મા HDI
- નિવા બુપા
- કેર હેલ્થ
- રિલાયન્સ જનરલ
- એસ.બી.આઈ. જનરલ
- સ્ટાર હેલ્થ એન્ડ એલાઈડ
- ટાટા એ.આઈ.જી
- યુનિવર્સલ સોમ્પો
- એકો જનરલ
- નાવી જનરલ ઈન્સ્યોરન્સ

### પબ્લિક સેક્ટર અન્ડરટેકિંગ (PSU)

- એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા
- ભારત સંચાર નિગમ લિમિટેડ*
- ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL)
- **સેન્ટ્રલ ગવર્મેન્ટ હેલ્થ સ્કિમ (CGHS)**
- સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત (ગાંધીનગર)
- કોલ ઈન્ડિયા લિમિટેડ
- દીનદયાળ પોર્ટ ઓથોરિટી
- એમ્પ્લોઈ'સ સ્ટેટ ઇન્શ્યોરન્સ કોર્પોરેશન (ESIC)* (માત્ર કર્મચારીઓ અને પેન્શનરો માટે)
- **ECHS (એક્સ-સર્વિસમેન કોન્ટ્રીબ્યુટરી હેલ્થ સ્કીમ)**
- ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા
- ગેસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા લિમિટેડ (GAIL)
- ગુજરાત મિનરલ્સ ડેવલપમેન્ટ કોર્પોરેશન (GMDC)*
- ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર્સ કેમિકેલ્સ લિમિટેડ (GSFC)
- ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ (GEB) (GUVNL, GSECL, GETCO, UGVCL, PGVCL, MGVCL, DGVCL)
- હાઉસિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન (HUDCO)
- હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (HPCL)
- ઇન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઇઝર્સ કોર્પોરેશન (IFFCO)
- ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટ
- ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ (IOCL)
- ઇન્સ્ટિટ્યૂટ ફોર પ્લાઝ્મા રિસર્ચ (IPR)
- ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન (ISRO)
- નેશનલ હાઇ સ્પીડ રેલ કોર્પોરેશન (NHSRL)
- નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઓફ ઓક્યુપેશનલ હેલ્થ (NIOH)
- NHPC લિમિટેડ
- ઓઇલ ઈન્ડિયા લિમિટેડ
- ઓઇલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ONGC) (મહેસાણા, અમદાવાદ વગેરે)
- ઓફિસ ડાયરેક્ટર જનરલ ઓફ ઓડિટ (Central) ગુજરાત (Audit Bhavan)
- ઓફિસ પ્રિન્સિપલ એકાઉન્ટન્ટ જનરલ (Audit-I) એ.જી.એમ.
- ઓફિસ એકાઉન્ટન્ટ જનરલ (Audit-II) એ.જી.એમ.
- ફિઝિકલ રિસર્ચ લિમિટેડ (PRL)
- **રાજસ્થાન સરકાર આરોગ્ય યોજના (RGHS)**
- ભારતીય રિઝર્વ બેંક (RBI)
- સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI)
- વેસ્ટર્ન રેલ્વે
- **આયુષ્માન ભારત-પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજના (PM-JAY)- માત્ર કેન્સર અને ડાયાલિસિસની સારવાર માટે**

Terms & Conditions Apply*



JCI (USA) NABL ACC

Marengo CIMS Hospital
HUMANE BY PRACTICE

# મૈરિંગો સિમ્સ હોસ્પિટલ મલ્ટી સ્પેશિયાલિસ્ટ ડોક્ટરોનું સ્વાગત કરે છે.

## ઓર્થોપેડિક ડિપાર્ટમેન્ટ



**ડૉ અજયસિંહ વી. દેવડા**
MBBS, MS
કન્સલ્ટન્ટ ઓર્થોપેડિક, જોઈન્ટ રિપ્લેસમેન્ટ અને રોબોટિક સર્જરી

## ઓન્કોલોજી ડિપાર્ટમેન્ટ



**ડૉ નિશાંત સંઘવી**
MS, MCh (Surgical Oncology)
Advanced Laparoscopic Oncosurgeon
કન્સલ્ટન્ટ સર્જિકલ ઓન્કોલોજી



**ડૉ ઉર્વિશ શાહ**
MS, Mch (Surgical Oncology), FARIS
કન્સલ્ટન્ટ સર્જિકલ ઓન્કોલોજી



**ડૉ મોહિત પી. કોરટ**
MS (General Surgery), DrNB (Surgical Oncology)
કન્સલ્ટન્ટ સર્જિકલ ઓન્કોલોજી



**ડૉ વીર આર. શાહ**
MS, MCh (Surgical Oncology)
કન્સલ્ટન્ટ સર્જિકલ ઓન્કોલોજી



**ડૉ નિકુંજ પટેલ**
MS, MCh (Surgical Oncology)
કન્સલ્ટન્ટ સર્જિકલ ઓન્કોલોજી

# CIMS NEWS CARE & CURE

Volume-16 | Issue-176 | March 25, 2025


Marengo CIMS Hospital
HUMANE BY PRACTICE


**CIMS News Care & Cure Registered under RNI No. GUJBIL/2010/39100**
**Published 25th of every month**
**Registered under Postal Registration No. GAMC-1813/2023-2025 valid upto 31st December, 2025**
**issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 30th to 5th of every month**
**Licence to Post Without Prepayment No. PMG/NG/107/2023-2025 valid upto 31st December, 2025**


**If Undelivered Please Return to**


**Marengo CIMS Hospital**
Nr. Shukan Mall, Off Science City Road,
Sola, Ahmedabad-380060.
**Call : 1800 309 9999**


**Subscribe "CIMS News Care & Cure" :** Get your "CIMS News Care & Cure", the information of the latest medical updates only ₹ 60/- for one year. To subscribe pay ₹ 60/- in cash or cheque/DD at CIMS Hospital Pvt. Ltd. Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060. Phone : +91-79-4805 2823. Cheque/DD should be in the name of : **"CIMS Hospital Pvt. Ltd."**
Please provide your **complete postal address with pincode, phone, mobile and email id** along with your subscription





**Printed, Published and Edited by Preeta Chag on behalf of the CIMS Hospital**
**Printed at Shakti Offset, A-62, Pushraj Industrial Estate, Nutan Mill Road, Behind - Adani CNG Station, Saraspur, Ahmedabad - 380 018**
**Published from CIMS Hospital, Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060.**